# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 21-12-2024 DAY:SATURDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠકકર** વાંચે છે.

---

## PM - રણોત્સવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ આજે સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમો મારફતે કચ્છના રણોત્સવનો વિડિયો પોસ્ટ કરીને લોકોને તેમના પરિવાર સાથે રણોત્સવમાં આવવા આમંત્રણ આપ્યું છે.

શ્રી મોદીએ લખ્યું છે કે, "કચ્છની પરંપરા, સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક રણ ઉત્સવ દરેક માટે મનમોહક છે. અદભુત હસ્તકલા બજાર હોય, સાંસ્કૃતિક કાર્યક્રમો હોય કે ખાણીપીણીની પરંપરાઓ હોય, અહીંનો તમારો દરેક અનુભવ અવિસ્મરણીય બની રહેશે."

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષની જેમ અત્યારે કચ્છના ધોરડોમાં રણોત્સવ યોજાઈ રહ્યો છે. ૧૫ માર્ચ ૨૦૨૫ સુધી ચાલનારા રણોત્સવમાં કચ્છની ઓળખ એવા ભૂંગાઓ ધરાવતી વિશાળ ટેન્ટ સિટી, સફેદ રણમાં ઊંટ સવારી, કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરાવતા પ્રદર્શનો, સ્થાનિક લોકનૃત્યો અને હેન્ડિક્રાફ્ટ બજાર મુખ્ય આકર્ષણો છે.

---------------------------------------------------------------------------

## ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર:

રાજ્યની તમામ મદદનીશ પોલીસ કમિશનરની કચેરીમાં 'ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર'ની નિમણૂક કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું છે કે, ગુજરાત પોલીસ અને ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલ ખૂબ મહત્વપૂર્ણ છે.જ્યારે કોઇપણ ગુનો બને ત્યારે ફોરેન્સીક ક્રાઇમસીન મેનેજરની મદદથી વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરી કેસને સુદ્રઢ બનાવવા અને આરોપીઓને સજા થાય તથા પિડીતોને ન્યાય મળે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------

## આધાર ઓથેન્ટિકેશન:

રાજય સરકારના વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગ દ્વારા નાણાકીય વર્ષ **2022**થી નવેંબર **2024** સુધીમાં આશરે **88** કરોડ આધાર ઓથેન્ટિકેશન નોંધાયા છે.

રાજય સરકાર દ્વારા વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક **5** કરોડ અને દરરોજ સરેરાશ **24** લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી ઉપર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગ ત **2022-23**માં **18** કરોડ, **23-24**માં **22** કરોડ, તેમજ નવેંબર **2024** સુધીમાં **48** કરોડ આધાર ઓથેન્ટિકેશન રાજય ભરમાં નોંધાયા છે. ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી **60** લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઇ છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

રાજ્યના હવામાન વિભાગે નલિયા, પોરબંદર અને રાજકોટમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યું છે.

દરમ્યાન, હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી સપ્તાહમાં રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેશે. જયારે, આગામી **27** અને **28** ડિસેમ્બરે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે.

(બાઈટ : હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણ)

--------------------------------------------------------------------------------

## જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક:

કચ્છ જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક આજે  જિલ્લા કલેક્ટર કચેરી ભુજના સભાખંડ ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં ધારાસભ્યો તથા જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના પદાધિકારીઓ દ્વારા પાણી, સિંચાઈ, રસ્તા, ખનીજચોરી તથા શિક્ષણ સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી કલેકટર દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## પશ્ચિમ રેલ્વે - સ્પેશિયલ ટ્રેનો:

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભુજ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બે વિશેષ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કરાયો છે. ભુજ – બાંદ્રા સ્પેશિયલ ટ્રેન ભુજથી 22 અને 29 ડિસેમ્બરના સાંજે 7 વાગ્યે ઉપડશે.

તેવી જ રીતે બાંદ્રા -ભુજ સ્પેશિયલ ટ્રેન બાંદ્રા થી 23 અને 30 ડિસેમ્બરના બપોરે 12 વાગીને 45 મીનીટે ઉપડશે.

---

## ગાંધીધામ –વિશ્વ ધ્યાન દિવસ :

આજે સમગ્ર વિશ્વમાં પ્રથમ વાર વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સમર્પણ ધ્યાનનાં સંયુક્ત ઉપક્રમે આજે ગાંધીધામ ખાતે ધ્યાન અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

## રાજય વેરા નિરીક્ષક,પરીક્ષા જાહેરનામું:

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્યની સાથે કચ્છમાં પણ રાજય વેરા નિરીક્ષક,વર્ગ-3 ની પ્રાથમિક કસોટી આવતીકાલે યોજાશે. પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે. ભુજમાં પરીક્ષા કેન્દ્રોની આસપાસની ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં સવારે 6 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી પ્રતિબંધો અમલમાં રહેશે.

---